‘શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા’: એસ.ટી.ને સ્વચ્છતા માટે આદર્શ બનાવીએ

ગાંધીનગર, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં ‘સ્વચ્છતા હી સેવા’ અભિયાન વેગવંતુ બન્યુ છે ત્યારે રાજ્યના નાગરિકોની મુસાફરી સ્વચ્છ અને સુગમ બની રહે તે આશય સાથે આજે ગાંધીનગર એસ.ટી ડેપો ખાતેથી “શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા” કેમ્પેઈનનો રાજ્યવ્યાપી શુભારંભ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કરાવ્યો છે.

તેની સાથે જ રાજ્યના નાગરિકોને યાતાયાતની સુવિધા વધુ સુદ્રઢ કરવા માટે આગામી ૧૦ મહિના સુધી દર મહિને ૨૦૦ એસ.ટી બસો એટલે કે, ૧૦ મહિનામાં કુલ ૨૦૦૦ નવી એસ.ટી બસો મુસાફરોની સુખાકારી અને શુભ યાત્રા માટે ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવામાં આવ્યુ હોવાનું મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ છે. “શુભ યાત્રા સ્વચ્છ યાત્રા” કેમ્પેઈનનો શુભારંભ કરાવતા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, નાગરિકોની મુસાફરી સ્વચ્છ અને સુગમમય બની રહે તે માટે રાજ્ય સરકાર હર હંમેશ કટિબદ્ધ છે. તે અંતર્ગત રાજ્ય સરકારે કેટલાક નવીન આયામો હાથ ધર્યા છે જેમાં બસ સ્ટેશન ખાતે વિરામના સમયે પહોંચેલી એસ.ટી બસ સ્વચ્છતા કર્મીઓ દ્વારા ૧૦ મિનીટમાં નીટ એન્ડ ક્લીન કરી દેવામાં આવે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. તે ઉપરાંત નિગમ દ્વારા પી.પી.પી ધોરણે વિકસાવેલા બસ સ્ટેશનો સિવાયના તમામ બસ સ્ટેશન ઉપર શૌચાલયના વપરાશ માટે લેવામાં આવતા પે એન્ડ યુઝ ચાર્જીસ પણ માર્ચ-૨૦૨૪ સુધીમાં સંપૂર્ણ રીતે બંધ કરીને પે એન્ડ યુઝ શૌચાલયોની સુવિધા નિઃશુલ્ક કરી દેવાશે. પે એન્ડ યુઝ થકી નિગમને સવા કરોડ રૂપિયાની આવક થાય છે. પરંતુ પ્રજાના હિત માટે આ રકમ જતી કરી પે એન્ડ યુઝ શૌચાલય નિશુલ્ક સેવા આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે, હવે મુસાફરો બસ અને બસ સ્ટેશનોની સ્વચ્છતાનો અભિપ્રાય પણ આપી શકશે. જે માટે ખાસ પેસેન્જર ફિડબેક સિસ્ટમ ઊઠે કોડ હશે. નિગમના અધિકારીશ્રીઓ દ્વારા સ્વચ્છતાની ક્રમગીરીનું સમયસર ઈન્સ્પેક્શન અને ઈવેલ્યુશન કરાશે. આ ઊઠે કોડ મારફતે બસ અને ડેપોની સ્વચ્છતા અંગે ફિડબેક આપવા સી નાગરિકોને મંત્રીશ્રીએ અપીલ કરી છે. સરકારી એસ.ટી બસોને ખાનગી લકઝરી જેવી બનાવવાની નેમ સાથે મંત્રીશ્રીએ કહ્યું કે, એસ.ટી. નિગમની ૧૪૮૧ બસોમાં ડસ્ટબીન મુકવામાં આવી છે. જ્યારે બાકી રહેતી અન્ય બસોમાં પણ આગામી ૧૦ દિવસમાં ડસ્ટબીન મૂકી દેવામાં આવશે. તે ઉપરાંત ડેન્ટીંગની જરૂરીયાતવાળા ૫૪૪ વાહનોને ૬૦ દિવસમાં દુરસ્ત કરવામાં આવશે. કલર કામની જરૂરીયાતવાળા ૫૧૬ વાહનોની આગામી ૧૦૦ દિવસમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સીટની રીપેરીંગની જરૂરીયાતવાળા ૪૮૨ વાહનોના રીપેરીંગની કામગીરી આગામી ૧૫ દિવસમાં પૂર્ણ કરી તમામ સરકારી એસ.ટી બસને ખાનગી લકઝરી બસ કરતા પણ ચઢિયાતી બનાવી દેવામાં આવશે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કોઈ સંસ્થા નથી, પરંતુ તે રાષ્ટ્રના પુનર્નિર્માણ માટેનું આંદોલન છે: અમિત શાહ

અમદાવાદ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના દલ્માં રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શાહે સંદેશ આપ્યો હતો કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ કોઈ સંગઠન નથી, પરંતુ તે રાષ્ટ્રના પુનર્નિર્માણ માટેનું આંદોલન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ૨૫ વર્ષમાં ભારતને વિશ્વનું સૌથી મહાન રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લેવાનું આહ્વાન કર્યું છે. અમે આ પરિપૂર્ણ કરવા માટે સંકલ્પબદ્ધ અને પ્રતિબદ્ધ છીએ. જે યુવાનો પોતાની કારકિર્દીથી દેશને સુંદર બનાવે છે તે જ સાચા અર્થમાં શિક્ષણ મેળવે છે.

આજે, મોદીજીના નેતૃત્વમાં અને અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ભારત એવા તબક્કે પહોંચી ગયું છે જ્યાં વિશ્વ દ્વારે સમસ્યાના ઉકેલની આશા સાથે ભારત તરફ જોઈ રહ્યું છે. આખો દેશ જાણે છે કે શાહની નીતિઓ હેઠળ દેશમાં ઘૂસણખોરીને શોધી કાઢવા, કાઢી નાખવા અને દેશનિકાલ કરવાનો સંકલ્પ છે. કાઉન્સિલે સમગ્ર દેશમાં ઘૂસણખોરી સામે જનજાગૃતિ લાવવાનું કામ કર્યું છે. ભાષા અને શિક્ષણની વળવળ હોય કે સંસ્કૃતિની જાળવણીની હોય, દરેક ક્ષેત્રમાં વિદ્યાર્થી પરિષદે યુવાનો દ્વારા સમાજને આત્મવિશ્વાસનું મહત્વ સમજાવ્યું છે. (૧૯-૧૦)

મુક્તા A2 સિનેમાસે રત્નાંજલિ સ્કવેર ખાતે થ્રી-સ્ક્રીન મલ્ટિપ્લેક્સના ઉદ્ઘાટનની સાથે વિસ્તરણ કર્યુ

અમદાવાદ, અમદાવાદ-અસાધારણ સિનેમેટિક અનુભવો પ્રદાન કરવામાં અગ્રણી મુક્તા A2 સિનેમાસ રત્નાંજલિ સ્કવેર ખાતે તદ્દન નવા થ્રી-સ્ક્રીન મલ્ટિપ્લેક્સના ઉદઘાટનની જાહેરાત કરતાં રોમાંચિત છે. આ વિસ્તરણ ફિલ્મ પ્રેમીઓને લક્ઝરી, ટેક્નોલોજી અને આહલાદક કલાના મિશ્રણ સાથે પ્રદાન કરવાની કંપનીની પ્રતિબદ્ધતામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે. અત્યાધુનિક મલ્ટીપ્લેક્સમાં ત્રણ સ્ક્રીન છે, જેમાંથી દરેક શાનદાર અને ભવ્ય મૂવી જોવાનો અનુભવ કરાવે છે. રત્નાંજલિ સ્કવેર ખાતે મુક્તા A2 સિનેમાસ ડોલ્બી સાઉન્ડ, લેસર રૂદ્ધ પ્રોજેક્શન અને લક્ઝુરિયસ બેઠકોથી સજ્જ છે. જેથી કરીને અહીં વિતાવેલી દરેક ક્ષણ યાદગાર બની રહે. આ નવા સાહસની વિશેષતાઓમાંથી એક રાંધણ અનુભવ છે. ફિલ્મ જોવા આવનાર તાજા બને, સ્વાદિષ્ટ ભોજનના વિકલ્પનો આનંદ ઉઠાવી શકે છે. જેના લીધે તેમનો સમગ્ર મનોરંજનનો અનુભવ શ્રેષ્ઠ થઈ જશે. સ્વાદિષ્ટ નાસ્તાથી લઈને સ્વાદિષ્ટ ભોજન સુધી મુક્તા A2 સિનેમાસે એવું મેનુ તૈયાર કર્યું છે કે સિનેમાની સફરને પૂરક બનાવે છે. (૨૦-૪)

ગુજરાત સાયન્સ સિટી ખાતે નોબેલ પ્રાઈઝ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી



અમદાવાદ, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં નોબેલ પુરસ્કાર દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. દર વર્ષે ૧૦ ડિસેમ્બરે વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલની પુણ્યતિથિ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત સાયન્સ સિટીમાં કરવામાં આવેલી ઉજવણીમાં IPR (ઈન્સ્ટીટ્યૂટ ઓફ પ્લાઝ્મા રીસર્ચ - ગાંધીનગર)ના ડીન ડો. પારિતોષ ચૌધરી, IPRના વૈજ્ઞાનિક ડો. છાયા ચાવડા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. IPRના ડીન ડો. પારિતોષ ચૌધરીએ વિદ્યાર્થીઓને નોબેલ પારિતોષિક અને તેના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત ડો. છાયા ચાવડાએ વિદ્યાર્થીઓને પ્લાઝ્મા અને તેના ઉપયોગ વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં સહભાગી થનારા વિદ્યાર્થીઓએ ગુજરાત સાયન્સ સિટીના હોલ ઓફ સાયન્સ/ હોલ ઓફ સ્પેસ નજીક નોબેલ પાથ પર ઊભા કરાયેલા નોબેલ પુરસ્કાર વિજેતાઓની હસ્તપ્રત પણ નિહાળી હતી. ઉલ્લેખનીય છે કે લોકો અને વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે ગુજરાત સાયન્સ સિટી સતત કાર્યરત છે, જેના માટે અહીં અવારનવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. —

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali riy crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

વરસાદ બાદ બનાસકાંઠામાં પાક નુકસાની સર્વે શરૂ

રાજ્યમાં ગયા અઠવાડિયે થયેલા માવઠાથી ઠેર ઠેર મોટા નુકસાનીના સમાચાર સામે આવ્યા હતા, રાજ્યના તમામ તાલુકાઓમાં માવઠાએ ભારે તબાહી મચાવી દીધી હતી. ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ અને મધ્ય ગુજરાત, તથા સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાય વિસ્તારોમાં માવઠાથી રવિવાકને મોટુ નુકસાન પહોંચ્યુ હતુ, આ નુકસાની બાદ સરકારા સામે વિવિધ ખેડૂત સંગઠનો અને રાજકીય નેતાઓએ પાક નુકસાની માટે માંગ કરી હતી, જે પછી હવે સરકારે પાક નુકસાની સર્વેની કામગીરી શરૂ કરી છે, અત્યારે પાક નુકસાની સર્વે બનાસકાંઠામાં શરૂ થયો છે. ગુજરાતમાં માવઠાથી થયેલા નુકસાન અંગે હવે બનાસકાંઠા જિલ્લામાં સરકાર સર્વે કરાવી રહી છે, ભારતીય કિસાન સંઘની રજૂઆત બાદ બનાસકાંઠામાં સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. ખાસ વાત છે કે, માવઠાથી જિલ્લામાં સૌથી વધુ અને મોટુ નુકસાન એરંડાના પાકને પહોચ્યુ હતુ. અત્યારે જિલ્લાના પાલનપુર, કાંકરેજ, દિયોદર અને ભાભરમાં પાકા સર્વે શરૂ થયા છે. આની સાથે સાથે થરાદ, દાંતા, સુઠંગામમાં પણ ટીમો સાથે ગ્રામસેવકો અને તલાટી સર્વે કરશે. ખેતીવાડી અને બાગાયતી પાકોમાં સ્થાનિક ગ્રામસેવકો અને તલાટીઓ નુકસાનીનો તાગ મેળવશે. કમોસમી વરસાદના કારણે ખેતી પાકને થયેલા નુકસાનીનો રિપોર્ટ એક સપ્તાહમાં સોંપવા આદેશ કરવામાં આવ્યો છે. એક સપ્તાહમાં નુકસાનીનો સર્વે પૂર્ણ કરી મુખ્યમંત્રી સમક્ષ રિપોર્ટ મુકાશે. આ અંગે કૃષિમંત્રી રાઘવજી પટેલે અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે. જે સ્થળે વધુ કમોસમી વરસાદ થયો ત્યાં પ્રાથમિકતાના ધોરણે સર્વે કરવા આદેશ અપાયો છે. કમોસમી વરસાદથી થયેલા પાકને નુકસાન અંગેની સમીક્ષા બેઠકમાં કૃષિમંત્રીએ આદેશ આપ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ રાજ્યમાં ત્રણથી ચાર લાખ હેક્ટરમાં કેલાયેલા કપાસ, એરંડા અને તુવેરના ઉભા પાકને વરસાદને કારણે અસર થઈ છે. કમોસમી વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે.

ડુપ્લીકેટ ઘી બનાવવાનું કારસ્તાન પકડાયું ૫૫૫ કિલો નકલી ઘી નો જથ્થો કબજે

જામનગર,જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં એક શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનમાં ડુપ્લીકેટ ઘી બનાવવાનું કારસ્તાન ચલાવવામાં આવતું હોવાની ભાતમીના આધારે એસ.ઓ.જી.નીટુકડીએ હુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને સાથે રાખીને દરોડો પાડી એક મહાજન શખ્સને અટકાયતમાં લઈ તેની પૂછપરછ શરૂ કરી છે અને તેના કબજામાંથી ૫૫૫ કિલો ડુપ્લીકેટ મનાતો ઘીનો જથ્થો કબજે કર્યો છે, અને એફએસએલ મારફતે લેબોરેટરીમાં મોકલી આપ્યો છે આ દરોડાની વિગત એવી છે કે એસ.ઓ.જી.ની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે, જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૯ માં રહેતા ચિરાગ મનસુખલાલ હરિયા નામના મહાજન શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનની અંદર બનાવટી ઘી તૈયાર કરવાનું અને તેનું ખાનગીમાં વેચાણ કરવાનું કારસ્તાન ચલાવવામાં આવી રહ્યું છે, તેવી ચોક્કસ બાતમીના આધારે એસ.ઓ.જી. ની ટુકડીએ હુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને સાથે રાખીને આજે સવારે ઉપરોક્ત રહેણાંક મકાન પર દરોડો પાડ્યો હતો.તે દરોડા દરમિયાન મકાનમાંથી ૫૫ કિલો, ૧૦ કિલો અને કિટલા સહિત ૫૫૫ કિલો ઘી નો જથ્થો મળી આવ્યો હતો. આથી એસ.ઓ.જી.ની ટુકડીએ કુલ ૨,૯૫,૦૦૦ ની કિંમતનો નકલી ઘીનો જથ્થો કબજે કરી લીધો છે, અને હુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા તેના સેમ્પલ મેળવીને પૃથકરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે, જેનો રિપોર્ટ આવી ગયા પછી મહાજન શખ્સ સામે આગળની કાર્યવાહી થઇ પરાશે.અને તેના કબજામાંથી ૫૫૫ કિલો ડુપ્લીકેટ મનાતો ઘીનો જથ્થો કબજે કર્યો છે, અને એફએસએલ મારફતે લેબોરેટરીમાં મોકલી આપ્યો છે આ દરોડાની વિગત એવી છે કે એસ.ઓ.જી.ની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે, જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૯ માં રહેતા ચિરાગ મનસુખલાલ હરિયા નામના મહાજન શખ્સ દ્વારા પોતાના રહેણાંક મકાનની

પ્રેસ્ટોનિક એન્જિનિયરિંગ લિમિટેડ પબ્લિક આઈપીઓ ૧૧ ડિસેમ્બરે ખુલ્યો

PRESSTONIC
You visualize... We realize

અમદાવાદ, મેટ્રો રેલ રોલિંગ સ્ટોક, મેટ્રો રેલ સિગ્નલિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઉત્પાદનમાં રોકાયેલ પ્રેસ્ટોનિક એન્જિનિયરિંગ લિમિટેડ તેના એસએમઈ પબ્લિક ઈશ્યૂમાંથી રૂ. ૨૩.૩૦ કરોડ કરોડ એકત્ર કરવાની યોજના પરાવે છે. કંપનીનો જીસ્ઈ પબ્લિક ઈશ્યૂ ૧૧ ડિસેમ્બરના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો. પબ્લિક ઈશ્યૂની આવકનો ઉપયોગ પ્લાન્ટ એન્ડ મશીનરી ખરીદવા, અમુક ઋણની ચૂકવણી માટે, કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. ફિનશોર મેનેજમેન્ટ સર્વિસ લિમિટેડ ઈશ્યૂની લીડ મેનેજર છે. પબ્લિક ઈશ્યૂ ૧૩ ડિસેમ્બરે બંધ થશે. આઈપીઓમાં રૂ ૩૨ પ્રતિ શેર (ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૨ના પ્રીમિયમ સહિત) ની કિંમતે રૂ ૧૦ની શેરના વેલ્યુના ૩૨,૩૬,૮૦૦ ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે છે જેનું મૂલ્ય કુલ રૂ.૨૩.૩૦ કરોડ સુધીનું છે. અરજી માટે લઘુતમ લોટ સાઈઝ ૧૬૦૦ શેર છે જેનું મૂલ્ય પ્રતિ અરજી રૂ. ૧.૧૫ લાખ જેટલું છે. આઈપીઓ માટે ટિકિટ ફાળવણી ઈશ્યૂના ૫૦% પર રાખવામાં આવી છે. માર્કેટ મેકર રિઝર્વેશન ભાગ ૧,૧૩,૨૦૦ ઈક્વિટી શેર છે. (૧૮-૨)

બોર કેન્સરના કોષ સામે લડશે, શરદી-ખાંસીમાં આપશે રાહત

અમદાવાદ, શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. હવે ખેતરમાં બોરડીના ઝાડ પણ બોર ઉગવાનું શરૂ થઈ જશે. ગુલાબના ફૂલની જેમ બોર તોડતી વખતે પણ કાંટા વાગે છે અને લોહી નીકળે છે. પરંતુ તેમ છતાં એનો સ્વાદ એટલો મીઠો હોય છે કે, લોકો તેને તોડ્યા વગર રહી શકતા નથી. જોકે તેઓ જાણતા નથી હોતા કે આ બોર સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. શિયાળો પુરો થતાંની સાથે જ તેઓ ફરીથી અદૃશ્ય થઈ જાય છે. ઘેટાં અને બકરાં આ ઝાડનાં પાન ખાય છે. આ પ્રાણીઓ માટે આ પાંદડા ખૂબ જ ફાયદાકારક છે. બોરના પાંદડાઓને રાજસ્થાની ભાષામાં પાલો પણ કહેવામાં આવે છે. આયુર્વેદિક ડૉક્ટર અમિત ગેહલોતના જણાવ્યાનુસાર, બોર ખાવાના ઘણા ફાયદા છે. બોરની તાસિર ગરમ હોય છે. તેથી તેને શિયાળામાં ખાવામાં આવે છે. તેનું સેવન કરવાથી પાચન શક્તિ મજબૂત બને છે. તેનાથી શરીરમાં ગરમી જળવાઈ રહે છે, જે શરદી અને ખાંસીમાં રાહત આપે છે. રોગપ્રતિકારક શક્તિ પણ વધારતા બોર કેન્સરના કોષો સામે લડવામાં પણ મદદરૂપ થાય છે. તેનું સેવન કરવાથી ઊંઘ સારી રીતે આવે છે. આ ઉપરાંત, બોરમાં વિવિધપોલિફેનોલ્સ, પોલિસેકેરાઇડ્સ, ન્યુક્લિયોટાઇડ્સ, એમિનો એસિડ્સ, ડાયેટરી ફાઇબર, ફેટી એસિડ્સ, આલ્કલોઇડ્સ જૈવ સક્રિય પદાર્થો હોય છે, જેની શરીરને જરૂર હોય છે. ડો. અમિત ગેહલોતે વધુમાં જણાવે છે કે, બોરમાં કેલરી ઓછી હોય છે, પરંતુ તેમાં ફાઇબર, વિટામિન્સ અને મિનરલ્સ પુષ્કળ

બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકાના હડાદ ગ્રામ પંચાયત ખાતે “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” અંતર્ગત લોકોને સરકારની વિવિધ યોજનાઓથી વાકેફ કરાયા

૪૧ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ અને ૧૧ લાભાર્થીઓને ઉજ્જવલા યોજનાનો સ્થળ પર લાભ અપાયો, ટી.બી.ના ૬૧ અને સિકલસેલ એનીમિયાના ૧૮ દર્દીઓનું સ્ક્રીનીંગ કરાયું

અમદાવાદ,

બનાસકાંઠા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ આદિજાતિ વિસ્તાર દાંતા તાલુકામાં ફરી રહ્યો છે.

જેના ભાગરૂપે દાંતા તાલુકાના હડાદ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચતાં ગ્રામજનો દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ લોકોને સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાનો લાભ મેળવવા અંગે યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી.

રથ દ્વારા ગામમાં કુલ ૧૬૬ જેટલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાયા હતા. જેમાં ૪૧ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ વિતરણ કર્યા હતા. તેમજ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ૧૧ લાભાર્થીઓને નવા કનેક્શન અપાયા હતા. તેમજ ૫ લાભાર્થીઓના નવા કનેક્શન માટેની નોંધણીની કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત ટી. બી. સ્ક્રીનીંગ ૬૧ દર્દીઓ અને સિકલસેલ એનીમિયા સ્ક્રીનીંગ ૧૮ દર્દીઓના વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ આદિજાતિ વિસ્તાર દાંતા તાલુકામાં ફરી રહ્યો છે.

જેના ભાગરૂપે દાંતા તાલુકાના હડાદ ગામે વિકસિત મનિષભાઈ, સરપંચશ્રી લીલાબેન બેગડીયા, ગ્રામસેવક ચૌધરી વિષ્ણુભાઈ , આચાર્યશ્રી સરગરા નાનજીભાઈ સહિતના કર્મચારીઓએ ગ્રામજનોને વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રેરણા પુરી પાડી હતી.બનાસકાંઠા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ આદિજાતિ વિસ્તાર દાંતા તાલુકામાં ફરી રહ્યો છે.

જેના ભાગરૂપે દાંતા તાલુકાના હડાદ ગામે વિકસિત

શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE

રજી. ઓફિસઃ ઓફિસ નં.૧૨૩,અનન્યાનોન્ન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
હેડ ઓફિસઃ વેવલ ૩, વોકહાર્ટ ટોવર્સ , ઈસ્ટ વિન્ગ, સી-૨ બ્લોક, બાંદ્રા- કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૫૧.
વેબસાઈટ : www.shriramhousing.in

ભૌતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (**જણાવેલ કાયદા**) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતા કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.

કરજદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે.પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ માનનીય ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ,રાજકોટમાં ક્રિમીનલ મિસ્ક એપ્લીકેશન નં.૨૧૦૨/૨૦૨૩ જમ્મેન્ટ તારીખ ૦૧/૧૧/૨૦૨૩ના રોજ અને સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનેન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના સરફેસી એક્ટ ૨૦૦૨ના નિયમ ૧૪ અને ૧૩ (૪) વંચાણે લેતા મળેલી સત્તાની રૂએ **૧૦/૧૨/૨૦૨૩**ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો ભૌતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.-ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જીસ આધિન રહેશે.

કરજદારો ધ્યાન આપે કે આ ધારાદારી કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુક્ત કરાવવાનો સમય મળે છે.

કરજદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ મુજબ બાકી રકમ	ગિરો મિલકતનું વર્ણન
બુદ્ધદેવ વર્ષાભેન ભરતભાઈ, ૨. બુદ્ધદેવ યશ ભરતભાઈ, ૩. બુદ્ધદેવ મીહિર ભરતભાઈ, સરનામું નં. ૧,૨ અને ૩ :- સ્ટીટ નં. એ/૩, હુલવાડી રોડ, પટેલ સમાજ પાસે, જેતપુર, રાજકોટ- ૩૬૦૩૭૦ અન્ય સરનામું ૧,૨ અને ૩ :- પ્લોટ નં. ૧૩, શ્રી ગજાનન, શ્રીજી પાર્ક, કુમાર રેસીડેન્સી પાછળ, ગોકુ જુનાગઢ રોડ, જાયો ટાવર પાસે , એરિયા : શ્રીજી પાર્ક , જેતપુર- ૩૬૦૩૭૦, તાલુ: જેતપુર-નવાગઢ, ડિસ્ટ્રીકટ : રાજકોટ. અન્ય સરનામું નં.૧ :- બુદ્ધદેવ વર્ષાભેન ભરતભાઈ, સરનામું : ડિફ્રસ ઝોન, પંકજ નિટિંગ્સ કોમ્પ્લેક્ષ, મનવા સ્ટ્રીચ, જેતપુર, રાજકોટ- ૩૬૦૩૭૦.	રૂા. ૩૩,૫૯,૩૯૮/- (રૂપિયા તેત્રીસ લાખ ઓગણાઈઠ હજાર ત્રણ સો અઠ્ઠાણુ પૂરા) જે ૦૮/૦૮/૨૦૨૩ સુધી રિકેન્ગ અધ્રે લોન એકાઉન્ટ નં. SHLHJTPR0000 121 અને રૂા. ૧,૪૭,૨૪૧/-(રૂપિયા એક લાખ સુડતાલીસ હજાર બ સો એકતાલીસ પુરા) રિકેન્ગ અધ્રે લોન એકાઉન્ટ નં. SHLHJTPR0000 137 અને ઉપરોકત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રસિધ્ધ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨) નોટિસ તારીખ ૧૨/૦૮/૨૦૨૩.	ઉપરોકત રેસીડેન્સીયલ મિલકત બ્લેરિંગ જેતપુર, આર.એસ. નં. ૨૯/પૈકી-૩, અને ૩૦/પૈકી-૩ કુલ માપ એરિયા ૨૫૩૯૮.૫૦ સ્કેવર મી. રેસીડેન્સીયલ હેતુ માટે એન.એ. લેન્ડ પૈકી શ્રીજી પાર્ક તરીકે ઓળખાય , જે પ્લોટ નં. ૧૩, ૧૩૧.૧૨ સ્કેવર મી. એટલે (૧૫૯.૮૨ સ્કેવર યાર્ડ) જે જેતપુર ડિસ્ટ્રીકટ , રાજકોટ માં સિત છે . મિલકતની ચારે બાજુ : પુર્વ : રોડ ઉત્તર : પ્લોટ નં. ૧૨ની મિલકત. પશ્ચિમ : પ્લોટ નં. ૨૬ની મિલકત દક્ષિણે : પ્લોટ નં. ૧૪ ની મિલકત.

સ્થળ : જેતપુર, રાજકોટ
તારીખ : ૧૦.૧૨.૨૦૨૩

સહી/- અધિકૃત અધિકારી
શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

હેવી ડ્યુટી વર્ક એન્ગેજીન્ની આપૂર્તિ અને સંરક્ષણ

(1) ઈન્વર્ટ નંબરઃ એમ-ઝેલોક-વીઝોમ-137-૨૦૬૭૫૧-19-20-42 તા.06/12/2023 (2) **કામનું નામઃ** લોકો શેડ વડચા ખાતે ડ્રોલિંગ નં. SK/01/285/VTA Alt 1 મુજબ હેવી ડ્યુટી વર્ક એન્ગેજીની આપૂર્તિ અને સંરક્ષણ માટે કોન્ટ્રાક્ટ કામ. (3) **કામની અંદાજીત પ્રાકલન:** ₹ 18,35,372/- (4) **કેન્ડર કન્સાલ્ટેન્ટની પ્રાકલન ગ્રુપ (5) અનરેક્ટ મની ડિપોઝીટ:** ₹ 36,700/- (6) **પૂર્ણ કરવાની સમયમર્યાદા:** 03 મહિના (7) **ઈન્વર્ટ કામ કરવાની છેલ્લી તારીખ:** તા.06/01/2024 ના 14:00 કલાકે (8) **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in (9) **ઈન્વર્ટ આમંત્રણ અધિકારી અને સેમ્પલ સંગ્રહીત સરનામું:** સિનીયર ડિવિઝનલ એન્જીનીયર, લોકો શેડ વડચા સિનીયર સેક્શન(એ